
## પેજ3

## દીપિકા પદુકોણે રણવીર સિંહ સાથેના મેટરનિટી શૂટમાં બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો



મુંબઈ, તા. 8 : પ્રેગ્નેન્ટ દીપિકા પદુકોણ પતિ રણવીર સિંહ સાથેના મેટરનિટી શૂટની નવી તસવીરોમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. મંગળવારે રણવીર અને દીપિકાએ ઇન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા સંયુક્ત રીતે આ તસવીરો શેર કરી હતી. તેમની પુત્રી દુઆ પદુકોણ સિંહ પણ તેમની સાથે જોડાઈ હતી અને તેનું પ્યારું સ્મિત તસવીરોનું અસલી આકર્ષણ હતું! આ તસવીરોમાં દીપિકા રણવીર સાથે પોઝ આપતી જોવા મળી હતી, જેણે દુઆને તેડી રાખી હતી. ત્રણેય સ્મિત કરી રહ્યા હતા, જેમાં વચ્ચે દુઆ ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી. એક તસવીરમાં રણવીર દીપિકાના બેબી બમ્પને સ્પર્શ કરતો જોવા મળ્યો હતો. તસવીરો શેર કરતાં રણવીરે કેપ્શનમાં લખ્યું, “બેબી દુઆ અને અમારા હૃદય મોટા થઈ રહ્યા છે! તમારા આશીર્વાદ બદલ આભાર!.”

## રાજેશ શર્માએ હોસ્પિટલાઈઝેશન પાછળનું સાચું કારણ જણાવ્યું



મુંબઈ, તા. 8: એક્ટર રાજેશ શર્માએ હોસ્પિટલમાં દાખલ થવાના કારણ અંગે ચાલી રહેલી અફવાઓ પર સ્પષ્ટતા કરી છે. શર્માએ કહ્યું હતું કે, પ્રભાસની ફિલ્મ ‘ફૌજી’ના સેટ પર તેમને કોઈ જીવડું નહોતું કરડ્યું. તેમની તબિયત જમણા પગના ઇન્ફેક્શન અને હાઇ બ્લડ સુગરના કારણે લથડી હતી. રાજેશ શર્માએ કહ્યું કે, તેમની મેડિકલ ઇમરજન્સી માટે નથી તો પ્રભાસ જવાબદાર કે નથી ફિલ્મની ટીમ. શર્માએ જણાવ્યું કે, હૈદરાબાદમાં શૂટિંગ દરમિયાન કંઈ નહોતું થયું. તબિયત કોલકાતા પાછા ફર્યાના એક-બે દિવસ પછી વધુ બગડી હતી. એક્ટરે જણાવ્યું કે, તેમના જમણા પગની ચામડી પર ઘણા સમયથી સમસ્યા હતી. આ જ કારણે પગમાં ઇન્ફેક્શન થઈ ગયું. આ દરમિયાન તેમનું ડાયાબિટીસનું સ્તર પણ ખૂબ વધી ગયું, જેનાથી હાલત ગંભીર થઈ ગઈ હતી.

## એવિએશન કંપનીએ નોરા ફતેહી પર રૂ. 3 કરોડનો માનહાનિનો કેસ કર્યો



મુંબઈ, તા. 8 એક એવિએશન કંપનીએ બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી વિરુદ્ધ 3 કરોડનો માનહાનિનો મુકદ્દમો દાખલ કર્યો છે. કંપનીએ તેમની ‘અપમાનજનક અને ગેરજવાબદાર’ કમેન્ટ્સથી શાખને નુકસાન પહોંચ્યું હોવાનો દાવો કર્યો છે. ડ્યુન્સ એવિએશને આ કેસ ગાંધીનગર કોર્ટમાં દાખલ કર્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, નોરાએ તેમના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર ચાર્ટર્ડ પ્લેનનો વીડિયો શેર કરીને તેને ‘નાનું’, ‘ટોય’ અને ‘લેગો એરપ્લેન’ કહ્યું હતું. કંપનીએ દાવો કર્યો હતો કે, તેના બુકિંગમાં 15-20%નો ઘટાડો થયો છે અને કેન્સિલેશન વધ્યા છે. કંપનીના જણાવ્યા અનુસાર, જે વિમાનથી નોરાએ મુસાફરી કરી હતી, તે સ્ટાન્ડર્ડ અને યોગ્ય સાઇઝનું હતું. કંપનીએ નોરા પાસે જાહેર સ્પષ્ટતા માંગવા સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી વિમાન સાથે જોડાયેલા તમામ નિવેદન અને કન્ટેન્ટ હટાવવાની માંગ પણ કરી છે. સિનિયર સિવિલ જજ આર. અગ્રવાલની અદાલત આ મામલાની સુનાવણી 25 સપ્ટેમ્બરે કરશે.

## 700 કરોડના માલિક પરંતુ ઘરમાં જાતે જ વાસણ ધોવે છે શ્રેયા ઘોષાલના પતિ



મુંબઈ, તા. 8: શ્રેયા ઘોષાલનાં લગ્ન એક દાયકા પહેલાં તેના લોંગ ટાઇમ પાર્ટનર શિલાદિત્ય મુખોપાધ્યાય સાથે થયાં હતાં અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આ બંનેનાં લગ્ન સૌથી સુંદર લગ્નોમાંથી એક છે. શિલાદિત્ય ‘ટ્રુકોલર ફોર બિઝનેસ’ના ગ્લોબલ હેડ છે અને પ્લેનિફાઇ અનુસાર, 2025 સુધીમાં તેમની સંપત્તિ રૂ. 500 કરોડથી રૂ. 700 કરોડ વચ્ચે હોવાનો અંદાજ છે. તાજેતરની વાતચીતમાં શ્રેયાએ તેના પતિ વિશે કહ્યું હતું કે, ‘ ’હું ભાગ્યશાળી છું કે મને આ માણસ મળ્યો.’’ શ્રેયાએ ઉમેર્યું, ‘ ’તે આખા ઘરનું ધ્યાન રાખે છે. તે પોતાનાં વાસણો પણ જાતે ધોશે અને રસોડું પણ સાફ કરશે અને જો હું એ કામ કરું તો તે નારાજ થઈ જશે.’’

## મુંબઈનું આઈકોનિક ગેટી ગેલેક્સી થિયેટર શોર્ટ સર્કિટના કારણે બંધ કરાયું

મુંબઈ, તા. 8: મુંબઈના બાંદ્રા સ્થિત આઈકોનિક ગેટી ગેલેક્સી થિયેટરને પોલીસે સોમવારે બંધ કરાવી દીધું હતું. થિયેટરમાં ‘હનુમાન અંશ’ ચાલી રહી હતી, પરંતુ શો પહેલાં જ કેબલ વાયર બળી જવાથી દર્શકોએ હંગામો શરૂ કરી દીધો હતો. આ જ થિયેટરમાં લાગેલા ‘મિર્ઝાપુર’નાં પોસ્ટર પણ ફાડી નાખવામાં આવ્યાં હતાં. પોલીસ પહોંચ્યા પછી દસ્તાવેજોની તપાસમાં લાઇસન્સ સંબંધિત ગડબડ સામે આવી હતી. 1972માં ફિલ્મ ‘સીતા ઓર ગીતા’થી શરૂ થયેલા આ થિયેટરની ફિલ્મ ‘લવર્સ’, ફિલ્મ સ્ટાર્સ અને મોટી ફિલ્મો સાથે ઘણી યાદો જોડાયેલી છે. અહીં ક્યારેય ‘ઝંઝીર’ની 5 રૂપિયાની ટિકિટ 100માં વેચાઈ, તો ક્યારેય શાહરૂખ, દીપિકા જેવા સ્ટાર્સ ફેન્સનું રિએક્શન જોવા પહોંચ્યા હતા. ક્યારેય કરીનાને ભીડથી બચાવવા માટે આના પ્રોજેક્ટર રૂમમાં પણ બંધ કરવામાં આવી હતી.









# દરિયાઈ જગતની રહસ્યમય સુંદરતા

**‘અંડરવોટર** એવોર્ડ્સ ઓસ્ટ્રેલેશિયા’માં વિજેતા બનેલી અદ્ભુત તસવીરો

**એન્ટાર્કટિકાની** લેપર્ડ સીલ, મેક્સિકોની વ્હેલ અને ડોલ્ફિનની અદ્ભુત તસવીરોએ મોહ્યા મન; વિશ્વભરના ફોટોગ્રાફર્સે મહાસાગરોની રહસ્યમય સુંદરતા રજૂ કરી

કેનબેરા, તા. 8: અંડરવોટર એવોર્ડ્સ ઓસ્ટ્રેલેશિયા 2026ના વિજેતાઓ અને રનર્સ-અપની સત્તાવાર જાહેરાત શનિવારે કરવામાં આવી છે. આ વૈશ્વિક ફોટોગ્રાફી સ્પર્ધામાં સેંકડો તસવીરો અને વિડીયો એન્ટ્રીઓમાંથી શ્રેષ્ઠ 9 કેટેગરીના વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. વિશ્વભરના અંડરવોટર ફોટોગ્રાફર્સે ઓસ્ટ્રેલેશિયન ક્ષેત્ર તેમજ આંતરરાષ્ટ્રીય જળસીમામાં લેવામાં આવેલી આ અદ્ભુત તસવીરો રજૂ કરી હતી.

આ સ્પર્ધાની મુખ્ય આકર્ષક તસવીરોમાં મેક્સિકોની મેગ્ડાલેના બેમાં બ્રાઇડ્સ વ્હેલનો ક્લોઝ-અપ વ્યુ, એન્ટાર્કટિકામાં ચહેરાના દાંત બતાવતી લેપર્ડ સીલ, દરિયાઈ વનસ્પતિ વચ્ચે સીલ અને ફ્લોરિડામાં સૂર્યોદય સમયે દરિયાઈ કાચબાની તસવીર સામેલ છે.

તે સિવાય ઓસ્ટ્રેલિયામાં પેરોટફિશના ઝૂંડને ઘેરતી બોટલનોઝ ડોલ્ફિન અને થાઈલેન્ડમાં વ્હેલ શાર્ક આસપાસ ડાઈવર્સની તસવીરોએ વન્યજીવ પ્રવાસનની અસર દર્શાવી છે.

આ ઉપરાંત, સિડની ઓક્ટોપસ, દરિયાઈ ઘોડાની જોડી, ફિલિપાઈન્સની બ્લેન્કેટ ઓક્ટોપસ, ધ ગ્રેટ બેરિયર રીફની લાયનફિશ અને બાલીમાં કોરલ રિસ્ટોરેશન પ્રોજેક્ટની મનમોહક છબીઓ પણ વિજેતા યાદીમાં સ્થાન પામી છે. આયોજકોના જણાવ્યા મુજબ, આ તસવીરો મહાસાગરોની નાજુક સંતુલનતા અને તેના રહસ્યમય અદભુત સૌંદર્યની વાર્તા રજૂ કરે છે.

# સાઉદી અરેબિયા પર હૂથી વિદ્રોહીઓનો મિસાઈલ અને ડ્રોન હુમલો

**73થી** વધુ ઈજાગ્રસ્ત, ઓઈલ રિફાઈનરી અને પ્લાન્ટ્સમાં ભીષણ આગ

**સાઉદી** અને હૂથી વચ્ચેના સંઘર્ષના પગલે વૈશ્વિક અર્થતંત્ર તથા તેલ પુરવઠા પર મોટો ફટકો પડવાની આશંકા

**તેલની** નિકાસ માટે વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાતા બાબ અલ-મંદેબ જળમાર્ગ પર હુમલો કરાયો



કેરો, તા. 8 (એપી): ઈરાન સમર્થિત યમનના હૂથી વિદ્રોહીઓએ મંગળવારે સાઉદી અરેબિયા પર ભયાનક હુમલાઓનો નવો સિલસિલો શરૂ કર્યો છે, જેમાં 73થી વધુ લોકો ઘાયલ થયા છે અને દેશના દક્ષિણી પ્રદેશમાં આવેલા ઓઈલ પ્લાન્ટ્સ તથા અન્ય આર્થિક સંસાધનોમાં ભીષણ આગ લાગી છે. અમેરિકાના મહત્વના સાથી દેશ સાઉદી અરેબિયા અને ઈરાનના પ્રોક્સી જૂથ વચ્ચેના આ સંઘર્ષે સમગ્ર પશ્ચિમ એશિયા પ્રદેશની સ્થિરતા જોખમમાં મૂકી દીધી છે અને વૈશ્વિક અર્થતંત્ર તથા તેલ પુરવઠા પર મોટો ફટકો પડવાની આશંકા ઊભી થઈ છે.

યમનના ઉત્તરીય પ્રાંત જાવમાં આવેલી એક જેલ પર સાઉદી અરેબિયા દ્વારા કરાયેલા હવાઈ હુમલાના થોડા જ કલાકો બાદ હૂથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા પર આ જવાબી હુમલા કર્યા હતા. સાઉદીના હવાઈ હુમલામાં 1 બાળક સહિત ઓછામાં ઓછા 7 લોકોનાં મોત થયાં હતાં અને 7 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ક્ષેત્રમાં તણાવને કારણે સાઉદી અરેબિયા દ્વારા વૈશ્વિક બજારોમાં તેલની નિકાસ માટે વિલ્પ તરીકે ઉપયોગમાં લેવાતા બાબ અલ-મંદેબ જળમાર્ગ સાથે જોડાયેલી ઓઈલ સુવિધાઓને હૂથી વિદ્રોહીઓએ નિશાન બનાવી છે. સાઉદી ગઠબંધન સેનાના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલ્કીના જણાવ્યા અનુસાર, હૂથીઓએ અબહા, જાઝાન, નજરાન અને ખામીસ મુશાયત જેવા પ્રમુખ શહેરોમાં નાગરિક અને આર્થિક સુવિધાઓ પર ડઝનબંધ બેલેસ્ટિક મિસાઈલો અને ડ્રોન વડે હુમલા કર્યા હતા. જાઝાન ખાતે આવેલી 4 લાખ બેરલ પ્રતિદિનની ક્ષમતા ધરાવતી સાઉદી અરેબિયાની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી અને અરામકોની મિલકતો પર હુમલા થતાં સંચાલન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે અને ફાયરબ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધરાયા છે.

હૂથી વિદ્રોહીઓના લશ્કરી પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહ્યા સરીએ આ હુમલાઓની જવાબદારી સ્વીકારતા દાવો કર્યો હતો કે કિંગ ખાલિદ એર બેઝ અને ઓઈલ ડેપોને નિશાન બનાવવામાં આવ્યા છે. આ હુમલાઓ બાદ વર્ષ 2014થી ચાલી રહેલા યમન ગૃહયુદ્ધની આગ ફરી ભડકી છે, જેના કારણે અત્યાર સુધીમાં 1,50,000થી વધુ લોકો માર્યા ગયા છે. સપ્ટેમ્બર 2026ની સ્થિતિએ, આ નવા સંઘર્ષને પગલે યમનમાં 18500થી વધુ લોકો વિસ્થાપિત થયા છે અને માનવતાવાદી સંકટ વધુ ઘેરૂ બન્યું છે. સાઉદી સૈન્યએ આ ઘટનાને ગંભીર ઉશ્કેરણી ગણાવીને વળતો સખત પ્રહાર કરવાની ચીમકી આપી છે.

### સાઉદી પોતાનો બચાવ કરતા અચકાશે નહીં

મંગળવારે મોસ્કોની મુલાકાત દરમિયાન સાઉદી અરેબિયાના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈસલ બિન ફરહાને રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં હૂથીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે સાઉદી અરેબિયાએ શાંતિ વાટાઘાટોની તક આપી હોવા છતાં હૂથીઓ યમનના હિતોના બદલે પોતાના સ્વાર્થ માટે હિંસાનો સહારો લઈ રહ્યા છે. તેમણે ઉમેર્યું કે આ હુમલા ઉશ્કેરણીનો ભાગ છે અને સાઉદી અરેબિયા પોતાનો બચાવ કરતા જરાય અચકાશે નહીં.

# ચૂંટણી અરજી અને એસઆઈઆરને કારણે 2 લોકસભા બેઠકોની પેટા-ચૂંટણીમાં વિલંબ

**એક** માત્ર આસામની નાગાંવ બેઠક પર લોકસભા પેટા-ચૂંટણી 6 ઓક્ટોબરે થશે

નવી દિલ્હી: એક ચૂંટણી અરજી અને મતદાર યાદીની ચાલી રહેલી સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયાને કારણે લોકસભાની બે બેઠકોની પેટા-ચૂંટણીમાં વિલંબ થયો છે, જ્યારે અન્ય એક સંસદીય મતક્ષેત્ર માટે પેટા-ચૂંટણી જાહેર કરી દેવામાં આવી છે.

વેસ્ટ બંગાળની બસીરહાટ, મેઘાલયની શિલોંગ અને આસામની નાગાંવ બેઠક અલગ-અલગ તારીખે ખાલી પડી હતી. ચૂંટણી પંચે સોમવારે નાગાંવ લોકસભા બેઠક માટે પેટા-ચૂંટણીની જાહેરાત કરી હતી, પરંતુ બાકીની બે બેઠકો માટે નહીં.

શિલોંગ અને બસીરહાટ સંસદીય બેઠકો માટે પેટા-ચૂંટણી કેમ જાહેર કરવામાં ન આવી તે અંગેના પ્રશ્નનો જવાબ આપતા, ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, મેઘાલયમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા અને કલકત્તા હાઈકોર્ટમાં પેન્ડિંગ ચૂંટણી અરજી આ નિર્ણય પાછળના મુખ્ય કારણો છે.

બસીરહાટથી ટીએમસીના એસ. કે. નૂરુલ ઈસ્લામની જીતને પડકારતી ચૂંટણી અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે, લોકસભા સાંસદ તરીકે શપથ લીધાના મહિનાઓ પછી 25 સપ્ટેમ્બર, 2024ના રોજ તેમનું નિધન થયું હતું.

તેમના નિધન છતાં તેમની ચૂંટણીને પડકારતી અરજી હજી પણ પેન્ડિંગ છે.

કોઈપણ ઉમેદવારની જીત સામે પરિણામ જાહેર થયાના 45 દિવસની અંદર સંબંધિત હાઈકોર્ટમાં ચૂંટણી અરજી દાખલ કરી શકાય છે. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે, આ બેઠક માટે બીજી વિનંતી સાથેની ચૂંટણી અરજી પેન્ડિંગ છે.

ચૂંટણી અરજીમાં ‘બીજી વિનંતી’ સામાન્ય રીતે વિજેતા ઉમેદવારની ચૂંટણી રદ કરવાની પ્રાથમિક વિનંતી પછી, હાઈકોર્ટને અરજદાર અથવા અન્ય કોઈ ઉમેદવારને વિજેતા જાહેર કરવાનો અનુરોધ કરે છે.

શિલોંગ લોકસભા બેઠક આ વર્ષે 19 ફેબ્રુઆરીએ ‘વોઈસ ઓફ ધ પીપલ્સ પાર્ટી’ના સાંસદ રિકી એન્ડ્રુ સિંકનનું અવસાન થતાં ખાલી પડી હતી.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે, મેઘાલયમાં એસઆઈઆર પ્રક્રિયા ચાલી રહી છે, જ્યાં આખરી મતદાર યાદી 21 ઓક્ટોબરે પ્રકાશિત કરવામાં આવશે.

એકમાત્ર લોકસભા પેટા-ચૂંટણી આસામની નાગાંવ બેઠક પર યોજાશે, જે પ્રદ્યોત બારદોલોઈ દ્વારા ખાલી કરવામાં આવી હતી.

અહીં 6 ઓક્ટોબરે મતદાન થશે અને 9 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

# હંગેરીએ રશિયાના 10 રાજદૂતોને દેશનિકાલ કર્યા

**દરમિયાન** રશિયાએ જણાવ્યું કે, તે તેનો જવાબ આપવાની યોજના બનાવી રહ્યું છે

બુડાપેસ્ટ, તા. 8 (AP) હંગેરીએ અસ્વીકાર્ય ગણવામાં આવેલી પ્રવૃત્તિઓ બદલ બુડાપેસ્ટમાં રશિયાના રાજદ્વારી મિશનના 10 સભ્યોને દેશ છોડવાનો આદેશ આપ્યો છે. એમ સરકારે મંગળવારે જણાવ્યું હતું. આ પગલું અગાઉના વહીવટીતંત્રના મોસ્કો સાથેના ઉષ્માભર્યા સંબંધોથી પાછા હટવાનો સંકેત આપે છે.

વિદેશ મંત્રી અનીતા ઓર્બને જણાવ્યું હતું કે, રશિયન રાજદૂતને જાણ કરવામાં આવી હતી કે, હંગેરિયન સત્તાવાળાઓના મૂલ્યાંકન મુજબ, રશિયન મિશનના 10 સભ્યો હંગેરીમાં એવી પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા જે વિયેના કન્વેન્શન હેઠળ રાજદૂતો માટે અસ્વીકાર્ય છે.’’

આ એક આંતરરાષ્ટ્રીય સંધિનો સંદર્ભ છે જે રાજદૂતોના આચરણને નિયંત્રિત કરે છે. રશિયાએ જણાવ્યું હતું કે તે તેનો જવાબ આપવાની યોજના બનાવી રહ્યું છે.

# ભારત સુરક્ષિત 6જી નેટવર્ક વિકસાવવા માટે અમેરિકાની પહેલમાં જોડાયું

**2030ના** દશકમાં 5જી નેટવર્કનું સ્થાન 6જી લે તે પહેલાં જ સરકારોની 6જી વ્યૂહરચનાઓનું સંકલન

વોશિંગ્ટન, તા. 8 (PTI) યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે જણાવ્યું છે કે, ભારત સુરક્ષિત 6જી વાયરલેસ નેટવર્કના વિકાસને ઝડપી બનાવવા માટે યુએસની આગેવાની હેઠળની વૈશ્વિક ભાગીદારીમાં જોડાયું છે.

આ પહેલમાં યુનાઈટેડ કિંગડમ (યુકે), જર્મની અને જાપાન જેવા દેશો પણ સામેલ છે. તેનો હેતુ 2030ના દશકમાં 5જી નેટવર્કનું સ્થાન 6જી લે તે પહેલાં જ સરકારોની 6જી વ્યૂહરચનાઓનું સંકલન કરવામાં મદદ કરવાનો છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે સોમવારે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, “આજે અમને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે, નેક્સ્ટ જનરેશન નેટવર્ક આપણા સહિયારા સુરક્ષા હિતોને પ્રતિબિંબિત કરે, આપણી સ્પર્ધાત્મકતા મજબૂત કરે અને 6જીમાં નવીનતા લાવે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસમાં ભારત અમેરિકા અને અન્ય 24 દેશો સાથે જોડાયું છે.”

યુએસ કોમર્સ સેક્રેટરી હોવર્ડ લુટનિક અને વાણિજ્ય રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે ગયા અઠવાડિયે નોર્થ કેરોલિનાના ચેપલ હિલ ખાતે જી20 ઈનોવેશન મિનિસ્ટ્રિયલ દરમિયાન 6જીના ભવિષ્ય અંગે ચર્ચા કરી હતી.

પ્રસાદે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, “6જી ટેક્નોલોજીમાં ઈનોવેશન અને સ્પર્ધાને પ્રોત્સાહન આપવા માટે ભારતનો યુનાઈટેડ સ્ટેટ્સ અને અન્ય 24 દેશો સાથેનો સંયુક્ત પ્રયાસ વૈશ્વિક ડિજિટલ પરિદૃશ્યને એક નવી દિશા આપશે.”

જુલાઈમાં યુએસ સરકારે યુરોપ, અમેરિકા અને એશિયા-પેસિફિકના અન્ય 24 દેશોના સમર્થન સાથે ‘કોલ ટુ એક્શન ફોર 6જી લીડરશિપ એન્ડ સિક્યુરિટી’ લોન્ચ કર્યું હતું.

ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સના નેશનલ ટેલિકોમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન એડમિનિસ્ટ્રેશન (એનટીઆઈએ)ની આગેવાની હેઠળની આ પહેલનો હેતુ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના ડિસેમ્બર 2025 ના પ્રેસિડેન્શિયલ મેમોરેન્ડમ ‘વિનિંગ ધ 6જી રેસ’ ના ઉદ્દેશ્યોને આગળ ધપાવવાનો છે.

# ઈન્ડોનેશિયા ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ

**જ્વાળામુખીને** કારણે લગભગ ૩,૦૦૦ ફ્લાઇટ્સ થંભી ગઈ હતી

જકાર્તા, તા. ૮ (એપી) જ્વાળામુખી ફાટવાથી તેની નીકળેલી રાખને કારણે બે દિવસ માટે એરપોર્ટ બંધ રાખવાની ફરજ પડી હતી, જેનાથી લગભગ ૩,૦૦૦ ફ્લાઇટ્સ થંભી ગઈ હતી. ત્યાર બાદ મંગળવારે ઇન્ડોનેશિયાના પાટનગર અને આસપાસના વિસ્તારોથી આવતી-જતી ફ્લાઇટ્સ ફરી શરૂ થઈ હતી.

પરિવહન મંત્રી દુદી પુરવાગાંધીએ જણાવ્યું હતું કે, જકાર્તાને સેવા આપતા સોઇકર્નો-હટ્ટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને હલીમ પરદાનાકુસુમા એરપોર્ટ તેમજ અન્ય ત્રણ પ્રાદેશિક એરપોર્ટ મધ્યરાત્રિ પછી તરત જ ફરી ખોલવામાં આવ્યા હતા. સોમવારે એક એરપોર્ટ ખુલ્યા બાદ મોડી સવાર સુધીમાં બે એરપોર્ટ પર સામાન્ય કામગીરી પૂર્વવત થઈ ગઈ હતી.

પુરવાગાંધીએ જણાવ્યું હતું કે, અધિકારીઓએ ઉડ્ડયન માટે સ્થિતિ સુરક્ષિત હોવાનું નિર્ધારિત કર્યા પછી જ એરપોર્ટને કામગીરી ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. પુરવાગાંધીએ કહ્યું કે ફ્લાઇટ્સ ફરી શરૂ થાય તે પહેલાં એરપોર્ટ સત્તાવાળાઓ અને એરલાઇન્સે તમામ વિમાનોની તપાસ કરવી જરૂરી હતી.

વિમાન અધિકારીઓ અસ્થાયી રૂપે તે વિસ્તારોમાં વિમાનોની અવરજવર પર રોક લગાવી દે છે જ્યાં રાખ હોવાનું માલૂમ પડે છે, કારણ કે જ્વાળામુખીના કણો એન્જિન અને અન્ય મહત્વપૂર્ણ સિસ્ટમને નુકસાન પહોંચાડી શકે છે.

### પીએમ મોદી સામે ટિપ્પણીનો મામલો

# હાઈકોર્ટે રાહુલ ગાંધીના સમન્સ રદ કરવાનો ઈનકાર કર્યો



**રાહુલ** ગાંધીએ 2018માં એક જાહેર ભાષણ દરમિયાન વડા પ્રધાન મોદીની માનહાનિ કરી હતી

મુંબઈ, તા. 8 (PTI) બોમ્બે હાઈકોર્ટે મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદિત ટિપ્પણી બદલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા 2019માં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને પાઠવવામાં આવેલા સમન્સને રદ કરવાનો ઈનકાર કરી દીધો છે.

જસ્ટિસ એન. આર. બોરકરની સિંગલ બેન્ચે મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશ વિરુદ્ધની ગાંધીની અરજીને ફગાવી દીધી હતી, પરંતુ માનહાનિની ફરિયાદ પર સુનાવણી સ્થગિત રાખવાના નીચલી અદાલતને આપેલા અગાઉના નિર્દેશને છ અઠવાડિયા માટે લંબાવી દીધો હતો.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી શકે તે માટે આ મુદત લંબાવવાની માગણી કરી હતી.

માનહાનિની ફરિયાદ પર સુનાવણી મુલતવી રાખવાના આદેશનો અર્થ એ થયો કે ગાંધીએ મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર થવું પડશે નહીં.

જસ્ટિસ બોરકરે જણાવ્યું હતું કે, તેમને મેજિસ્ટ્રેટના આદેશમાં કોઈ ગડબડ અને ગેરકાયદેસરતા જણાઈ નથી અને તેથી હસ્તક્ષેપ કરવાનું કોઈ કારણ નથી.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, ‘’આ કોર્ટને આદેશમાં કોઈ ખામી જણાઈ નથી. તેથી, અરજી ફગાવી દેવામાં આવે છે.’’

ફરિયાદી એમ. એચ. શ્રીશ્રીમાલે હાઈકોર્ટમાં ગાંધીની અરજીનો વિરોધ કરતાં દાવો કર્યો હતો કે, તેઓ ભાજપના સભ્ય હોવાથી તેમના નેતા વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીથી તેઓ પણ દુ:ખી થયા છે.

કોર્ટે ગાંધીની એ દલીલ માનવાનો ઈનકાર કરી દીધો કે, ફરિયાદ કરનાર વ્યક્તિ ‘પીડિત પક્ષ’ ન હતો. કારણ કે, આ ટિપ્પણી કોઈ રાજકીય પક્ષ વિરુદ્ધ નહીં પરંતુ એક વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવી હતી.

ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, ગાંધીએ 20 સપ્ટેમ્બર, 2018ના રોજ રાજસ્થાનમાં એક જાહેર ભાષણ દરમિયાન વડા પ્રધાન મોદીની માનહાનિ કરી હતી.